# Day to Day Current Affairs

26 March-2015

૧) **બુકર પ્રાઇઝ માટે અમિતાવ ઘોષની 10 ફાઇનલિસ્ટોમાં પસંદગી** : આ વર્ષમાં પ્રતિષ્ઠીત બુકર ઇન્ટરનેશનલ પ્રાઇઝ માટે પુરૂષોની કેટેગરીમા 10 ફાઇનલિસ્ટોમાં ભારતના એક માત્ર અમિતાવ ઘોષને સ્થાન મળ્યું છે. અમિતાવ ઘોષને વર્ષ 2008માં પણ તેમની કૃતિ ' સી ઓફ પોપીઝ' માટે પસંદ કરાયા હતાં. પણ બુકર પ્રાઇઝનું સન્માન મેળવવાનું ચુકી ગયા હતાં. અંગ્રેજીભાષામાં સાહિત્ય લખવા માટે તેમને શોર્ટ લિસ્ટ કરાયા છે. બુકર પ્રાઇઝ વિજેતાને 60 હજાર પાઉન્ડનો ચેક આપવામાં આવે છે. લેખકને તેના જીવન દરમિયાન એક જ વખત આ પ્રાઇઝ અપાય છે. લંડન ખાતે 19 મેના રોજ સાહિત્યના પ્રખ્યાત બુકરપ્રાઇઝ દ્વારા અંગ્રેજી સાહિત્યની શ્રેષ્ઠ કૃતિ માટે હયાતી ધરાવતા સાહિત્યકારનું સન્માન કરવામાં આવે છે. આ પ્રાઇઝ દર વર્ષે આપવામાં આવે છે.

૨) **ડૉ.જોનાસ સાલ્ક** : પોલિયો રસીના શોધક : વર્ષ 1953ના જોનાસ ઇ સાલ્કે પોલિયો રસીનું સફળ પરીક્ષણની જાહેરાત કરી હતી. 24 ઓક્ટોબરે સાલ્કનો જન્મદિવસ છે.આ માટે રોટરી ઇન્ટરનેશનલે તેમના સન્માનમાં આ દિવસ ' વિશ્વ પોલિયો દિવસ' મનાવવાનો નિર્ણય કર્યો છે. ભારતને ગત વર્ષે પોલિયોમુક્તજાહેર કરી દેવામાં આવ્યું છે. વિશ્વમાં માત્ર પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને નાઇજિરિયા જ પોલિયો ગ્રસ્ત છે.

www.vivekanandacademy.org